ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૭-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ॥

મહાભારત અને શ્રીમદ ભાગવત જેવા કાલજયી ગ્રંથો આપનારા મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસની જન્મતિથિ આષાઢી પૂર્ણિમાને આપણે ગુરુપૂર્ણિમા તરીકે ઊજવીએ છીએ. 'ગુરુ' એટલે મોટું, ભારે, વજન અને વજૂદવાળું. અભિધામૂલક અર્થમાં ઉંમર, જ્ઞાન કે અન્ય કોઈ પણ ક્ષેત્રે મોટી વ્યક્તિ 'ગુરુ' જ ગણાય. વિદ્યા આપનાર શિક્ષકને આપણે ગુરુ જ ગણ્યો છે, દા.ત.. ગુરુ દ્રોણ. ગુરુનું સ્થાન ગોવિંદ કરતાં પણ ઊંચું ગણાયું છે. કબીજીનો જાણીતો દૂહો છેઃ

ગુરુ ગોવિંદ દોઊ ખડે કાકે લાગૂં પાય,
બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાય.

ગુરુ વિના જ્ઞાન નહીં, એ સર્વ સ્વીકૃત માન્યતા છે. ગુરુને બ્રહ્મા-વિષ્ણુ અને મહેશ ઉપરાંત સાક્ષાત 'પરબ્રહ્મ' કહી શાસ્ત્રકારે એનો મહિમા કર્યો છે. તો બીજી તરફ તથાગત બુદ્ધ માનવીને પોતે જ પોતાનો ગુરુ થવા પ્રેરે છેઃ 'અપ્પ દીપો ભવ!' તારો દીવો તું જ થા. ગુરુનું ઋણ ઉતારી શકાતું નથી. સાચો ગુરુ શિષ્ય પાસેથી ભૌતિક દક્ષિણાની અપેક્ષા નથી રાખતો. એ શિષ્યના દુર્ગણોની દક્ષિણા માગે, એનો શિષ્ય જીવનના પડકારો ઝીલી પોતા કરતાં સવાયો બની રહે એવું જ ઈચ્છે. પુત્રાત્ શિષ્યાત્ ઈચ્છેત પરાજયમ્. ગુરુ પૂર્ણિમાના પાવન પર્વને આપણે આત્મનિરીક્ષણનું પર્વ બનાવીએ આપણો દેશ 'વિશ્વગુરુ'ની પ્રતિષ્ઠા ધરાવે છે. દુનિયા આખી કાળા ડિબાંગ અજ્ઞાનના અંધકારમાં સબડતી હતી ત્યારે આ ગંગા- યુમિના- સરસ્વતી અને સપ્તસિંધુની પાવન ભૂમિમાં સંસ્કૃતિનાં ઝળાંહળાં અજવાળાં રેલાતાં હતાં. આપણા જ ઋષિએ વેદની ઋચાઓ ગાઈ, ઋગ્વેદ એ વિશ્વનો પ્રથમ ગ્રંથ છે. રામાયણના રચયિતા વાલ્મીકિએ શોકનું શ્લોકમાં રૂપાંતરણ કરીને પહેલી કવિતા આપી. વેદ વ્યાસનું મૂળ નામ તો કૃષ્ણ દ્વૈપાયન હતું. વ્યાસ એટલા કારણસર કહેવાયા કે એમણે વેદના ચાર ભાગ બાંધી આપ્યા પ્રગલ્ભ જ્ઞાનસંપદાનું વિભાજન કરીને જનસુલભ કરી આપ્યું એથી એ 'વ્યાસ' બન્યા. વેદ વ્યાસના સમકાલીન ભગવાન વાસુદેવ કૃષ્ણને આપણે 'જગદ્ગુરુ' ગણીએ છીએઃ કૃષ્ણં વંદે જગદ્ગુરુમ. આપણો કૃષ્ણ સર્વ ગુણસંપન્ન છે. એ સોળ કળાઓ સાથે અવતર્યો હોઈ પૂર્ણ પુરુષોત્તમ ગણાયો છે. સનાતન ધર્મ અનેક સંપ્રદાયોમાં વહેંચાયેલો વિશ્વનો સૌથી ઉદાર ધર્મ છે. એને એક સૂત્રે પરોવવાનો પુરુષાર્થ કાલડી (કેરળ)ના એક કિશોરે કર્યો. આદિ શંકરાચાર્ય ફક્ત બત્રીસ વર્ષનું ટૂંકું આયુષ્ય લઈને અવતર્યા પરંતુ ભારતવર્ષના ચાર ખૂણે ચાર ધર્મપીઠો સ્થાપીને એમણે જે મહાન ઉપકાર કર્યો છે તેથી આપણે એમને અને એમના પીઠાધીશોને પણ જગદ્ગુરુ માની પૂજીએ છીએ. હિંદુ સંસ્કૃતિની ઉદારતા તો જુઓ! આપણે મુસલમાન વણકર તરીકે જિંદગી ગુજારનારા કબીરને પણ સ્વીકારી શકીએ છીએ, અજાણ્યા ફકીર સાંઈબાબાને પૂજી શકીએ છીએ અને સૂફી સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીને પણ ચાદર ચઢાવી શકીએ છીએ. ચમાર કોમમાં જન્મેલા રવિદાસને મીરાંએ ગુરુ માન્યા હતા. શંકરાચાર્યથી લઈ વિવેકાનંદ અને રજનીશ સુધીની આપણી ગુરુ પરંપરાનો જગતમાં જોટો જડે એમ નથી. આ ગુરુ-સન્માનની ભાવના આપણા લોહીમાં રસાયેલી હોઈ જીવનના વસમા પડકારો ઝીલ્યા પછી પણ આપણે અકબંધ રહ્યા છીએ. કવિ ઈકબાલને એટલેસ્તો કહેવું પડ્યું: કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી...

સ્વચ્છ અને સુંદર ગાંધીનગરની આ હૃદયદ્રાવક તસવીર છે. ગોકુલપુરા ગામની પ્રાથમિક શાળાની તદ્દન બાજુમાં જ ગંદકી અને દુર્ગંધના ઢગ ખડકાયેલા છે. 'ક' રોડ પર જ આવેલી આ શાળા પાસે રોજનાં કાંઈ કેટલાય અફસરો-અધિકારીઓ પસાર થતા હશે તો કોઈનુંય ધ્યાન નથી પડતું? આવા વિસ્તારની શાળામાં અભ્યાસ કરતાં બાળકોનાં સ્વાસ્થ્યની જવાબદારી કોની? જવાબ કોણ આપશે? (તસવીર : કશ્યપ નિમાવત)

મારો બાબો બહુ સમજદાર છે..., આવનાર સમયમાં છોકરી મળવા માટે વ્રત એણે જ રાખવાનું ચાલુ કરી દીધું છે.

આજે ગુરુ પૂર્ણિમાની પરંપરાગત ઉજવણી

અમદાવાદ, તા.૨૧

આજે ગુરુ પૂર્ણિમાની પરંપરાગત રીતે શહેરમાં ઉજવણી કરવામાં આવનાર છે. આની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. શહેરમાં ઘણી જગ્યાઓએ ગુરુ પૂર્ણિમાના દિવસે વિશેષ આયોજન કરવામાં આવ્યા છે. અષાઢ સુદ પૂનમ તા. ૨૨ને સોમવારે છે આ દિવસ ગુરુપૂર્ણિમાથી ખ્યાત છે તો આ જ દિવસે ભગવાન વેદ વ્યાસનો જન્મ થયો હોવાથી તે વ્યાસ પૂર્ણિમા પણ કહેવાય છે. આપણા સમાજમાં તથા જગતના લગભગ બધા જ ધર્મોમાં ગુરુનું ખૂબ જ ઊંચું માહાત્મ્ય છે. ૨૨ જુલાઈને પૂનમના રોજ ગુરુપૂર્ણિમા છે. એમ માનવામાં આવે છે કે દરેક મનુષ્યએ ગુરુ કરવા જોઈએ જે મનુષ્ય ગુરુ નથી કરતો તે મનુષ્ય નુગરો કહેવાય છે. આવો મનુષ્ય ગમે તેટલાં દાન પુણ્ય કરે છતાં તેનો મોક્ષ થતો નથી.

અષાઢ સુદ પૂનમના દિવસે ભગવાન વેદ વ્યાસનો પ્રાદુર્ભાવ થયો હતો. જેથી તેનું એક નામ વ્યાસ પૂર્ણિમા પડ્યું છે. આ એ જ વેદ વ્યાસ છે જેમણે પોતાનો અતુલ્ય જ્ઞાનથી ભગવાન શ્રી ગણેશજીને અઘરા શ્લોક લખાવી તેના સંપૂર્ણ ભાષાંતરથી મહાભારત લખાવવાનું મહાન મહાભિનિષ્ક્રમણ કરેલ છે. આ મહાભારત આજે આપણા તમામ ગ્રંથોમાં શ્રેષ્ઠ છે. સમગ્ર ભારતમાં તથા દુનિયાના તમામ સ્થળોએ જ્યાં જ્યાં ભારતીય વસતા હશે ત્યાં પોતાના ગુરુને આપોઆપ વંદન પૂજન કરતાં જ હશે. આ છે ગુરુપૂર્ણિમાનું અપાર માહાત્મ્ય. ગુરુ પૂર્ણિમાના દિવસે ગુરુઓના આશીર્વાદ મેળવવા શ્રદ્ધાળુઓ ખાસ ઉત્સાહીત રહે છે.

બાલવા હાઈસ્કુલનો વેઈટ લિફટીંગમાં વિજય

બાલવા, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા કક્ષા પાયકા વેઈટ લિફટીંગની સ્પર્ધાનું શ્રી સ્વામીનારાયણ હાઈસ્કુલ બાલવા ખાતે આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સ્વામીનારાયણ હાઈસ્કુલ બાલવાના ખેલાડીઓ અંડર-૧૭ ભાઈઓમાં ચૌધરી પ્રતિકજી, ચૌધરી શૈલ એન., ચૌધરી રવિએ ચૌધરી દિવ્યાંગ. જે., ચૌધરી કાર્તિક જે. આ તમામ ખેલાડી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી રાજયકક્ષાએ પસંદગી પામેલ છે.

તમામ વિદ્યાર્થીઓએ ગામ અને શાળાનું તથા જિલ્લાનું ગૌરવ વધારેલ છે. માર્ગદર્શન આપનાર વ્યાયામ શિક્ષક શૈલેષભાઈ પટેલને આચાર્ય અર્જુનસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

દિલ્હી પશુપાલન વિભાગની કમિટિમાં આચાર્ય ઘનશ્યામજીની નિયુકિત

ગાંધીનગર, તા.૨૧

દિલ્હી પશુપાલન વિભાગની ઉચ્ચસ્તરની સંવર્ધન નીતિ માટેની રાષ્ટ્રીય લેવલની કમિટિમાં આચાર્ય ઘનશ્યામજીની નિયુકિત કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારના દિલ્હી કૃષિ મંત્રાલયના પશુપાલન વિભાગ દ્વારા ભારતની રાષ્ટ્રીય સંવર્ધન નીતિ ઘડવા તથા તેનો અમલ કરાવવા માટેની ઉચ્ચસ્તરની એક કમિટી બનાવવામાં આવી છે. આ કમિટિના મેમ્બર તરીકે ગોંડલ ભુવનેશ્વરી પીઠના આચાર્ય ઘનશ્યામજીની નિયુકિત કરવામાં આવી છે. આચાર્યની નિયુકિત આ કમિટિના મેમ્બર તરીકે થતાં ગુજરાતના પશુપાલકો તથા ખાસ કરીને ભારતીય નસ્લના શુદ્ધ સંવર્ધનમાં માનતા બ્રીડરોમાં આનંદ અને ઉત્સાહની લાગણી ફેલાઈ છે.

આચાર્ય ઘનશ્યામજીની નિયુકિત થતા આવનારા સમયમાં પશુ સંવર્ધન ક્ષેત્રે ઘણો વિકાસ થશે જે ગૌરવની વાત છે. આ અંગે સૌ સ્નેહીજનોના સૂચનો મંગાવાયા છે. સૂચનો ભુવનેશ્વરી પીઠ ગોંડલ ખાતે મોકલવા જણાવાયું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સામાન્ય સભામાં સંસ્થાના વરિષ્ઠ આચાર્યા ડો. વીણાબેન પટેલને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પરિસંવાદમાં પેપર્સ રજૂ કરવાનું સન્માન મળતાં તેઓશ્રીનું અભિવાદન કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ડો. વીણાબેન એસ.એસ. પટેલ બી.એડ. કોલેજના આચાર્યા તરીકે સેવાઓ આપે છે. આ બેઠકમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખશ્રી વલ્લભભાઈ પટેલ અને તમામ પદાધિકારીઓ સહિત આચાર્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : દિપક જાની)

(તસવીર : દિપક જાની)

યોગ-ધ્યાન તંદુરસ્ત માટે અકસીર ઉપાય ગણાય છે. ભારતીય સંસ્કૃતિમાં યોગનો મહિમા ખૂબ જ વર્ણવાયો છે. ગાંધીનગરના સે-૨૩ ખાતે યોગ તાલીમ શિબિરમાં નાગરિકો ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે.

'ગાંધી જીવન દર્શન' વિષયે વાર્તાલાપ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરના ઉપક્રમે તા. ૨૨મી જુલાઈના સોમવારે સાડા અગિયાર કલાકે સવારે આદર્શ નિવાસી શાળા સેકટર-૮ ખાતે 'ગાંધી જીવન દર્શન' શ્રેણી અન્વયે ગાંધી મિત્ર વર્તુળના સંયોજક જાણીતા લેખક ભાનુપ્રસાદ પુરાણી દ્વિતીય વાર્તાલાપ આપશે. ગાંધી મિત્રોને ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

ગાંધીનગરમાં ગુરુ પૂર્ણિમા ભાવપૂર્વક ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની વિવિધ ધાર્મિક સંસ્થાઓ દ્વારા ગુરુ પૂર્ણિમનો પાવન પર્વ ભાવપૂર્વક ઉજવાશે. સમદર્શન ટ્રસ્ટ, દિવ્ય જીવન સંઘ, વાવોલ રામજી મંદિર, શ્રી દત્ત મંદિર, ગાયત્રી મંદિર, ઝૂલેલાલ-સાંઈબાબા મંદિર, ધમાસણા વિજય હનુમંત આશ્રમ, ટીંટોડા રામજી મંદિર સહિત અનેક મંદિરોમાં ગુરુ પૂજનના કાર્યક્રમો યોજાયા છે. ગાંધીનગર સેકટર-૨ના સ્વામિનારાયણ મંદિર ખાતે મોટી સંખ્યામાં કચ્છ અને આસપાસના ભાવિકો ઉમટે છે અને મેળાનું દૃશ્ય સેકટર-૨માં ખડું થાય છે. ગાંધીનગરમાં ઘણા સંતો-મહંતો વર્ષોથી ધાર્મિક ચેતના પ્રસરાવી રહ્યા છે. એમનાં દેશ-વિદેશનાં શિષ્યો દર ગુરુ પૂર્ણિમાએ ગાંધીનગરમાં આવે છે ત્યારે ગાંધીનગરમાં એક ભાવનાત્મક માહોલનું નિર્માણ થાય છે.

ગુરૂદર્શનથી પાપ, તાપ, સંતાપ દૂર થાય છે, પરમ શાંતિ મળે છે

ગુરૂપૂર્ણિમા - એક અધ્યયન

- ધીરૂભાઈ તેરૈયા

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય, વંદન અમારા હૃદયમાં બિરાજેલ ગુરૂશ્રીને સાક્ષાત દંડવત પ્રણામ. નિરંતર આપણા ગુણગાન ગાઇએ, સાંભળીએ અને તેના મહિમાની વાતો કરતાં રહીએ આપના વચનોમાં વિશ્વાસ રહે. અમારી ભૂલોની માફી માંગીએ બીજાને અનુકૂળથી સહન કરવાની ટેવ પાડીએ. મોટુ મન રાખીને સ્વાદ, વાદ અને વિવાદનો ત્યાગ કરીએ અને તેવી શક્તિ અમારામાં રહે તેવા આશીર્વાદ અમોને હરહંમેશ આપતા રહેશો.

ગુરૂપૂર્ણિમાનાં દિવસે સદ્ગુરૂનાં દર્શન, પૂજા અને ભક્તિ કરવી એ ઉત્સવનું પર્વ,ગુરૂપૂજા એટલે કોઇ વ્યક્તિની પૂજા નહિ પણ ગુરૂનાં શરીરમાં રહેલ આત્મા રૂપી પરમાત્માની પૂજા, તેના શરીરમાં બિરાજેલા આત્માને આદર આપવાનો દિવસ, ગુરૂમાં રહેલ બ્રહ્મજ્ઞાનનું પૂજન એટલે ગુરૂપૂર્ણિમા, ગુરૂગોવિંદ બંનેનાં આશીર્વાદનો ઉત્સવ એટલે વ્યાસપૂર્ણિમા (ગુરૂપૂર્ણિમા) કહે છે - વસિષ્ઠનાં પૌત્ર પરાશર ઋષિના પુત્ર વેદવ્યાસજી.

પુત્રનું જન્મવું માતા-પિતાને સુખ આપવા, સેવા કરવા અધૂરા કાર્યો પુરા કરવા જન્મ લે છે. તે પુત્ર માતા-પિતા અને ગુરૂ ત્રણેયનો આદર કરવો જોઇએ, જેથી પરમાત્માની પૂજાનું ફળ મળે. ધર્મ માટે સંતો-ઋષિઓએ બલિદાન અને પ્રેરણા આપેલ છે, તેવા સદ્ગુરૂના આશીર્વાદ લેવાનો અમૂલ્ય અવસર ગુરૂપૂર્ણિમા છે. ગુરૂજન શ્રેષ્ઠજન (પોતાથી મોટા હોય) તેના પ્રતિ અગાધ શ્રદ્ધા રાખવાનો ગુરૂપૂર્ણિમા દિવસ સર્વશ્રેષ્ઠ છે.

ભારતમાં મનાતા સર્વ ઉત્સવોમાં ગુરૂપૂર્ણિમા શ્રેષ્ઠ પર્વ છે. પોતાની કૃત્યજ્ઞતા વ્યક્ત કરવાનો તથા તપવ્રત સાધનાનો આ તહેવાર છે. ગુરૂપૂર્ણિમા એટલે ઇશ્વરની પ્રાપ્તિનો રૂડો દિવસ, સહ સાધના થાય તેવો દિવસ, ગુરૂપૂર્ણિમા આસ્થા તથા શ્રદ્ધા, સમર્પણ અને આશીર્વાદ મેળવવાનું પર્વ છે.

વ્યાસજી કહે છે કે જેમનામાં વ્યવહાર અને વાણીમાં મધુરતા હોય તેમને બધા પ્રેમ કરે છે. જેમનો સ્વભાવ મધુરો હોય તે જ ઉપકાર અને શુભકાર્ય કરે છે, પરંતુ જે ગુરૂ ઉપદેશ સાંભળે અને પોતાના જીવનમાં ધારણ ન કરે તે અંધ અને બહેરા સમાન છે, જે પુરૂષ બીજાને સુખી તથા અજ્ઞાતાનો અહંકાર દૂર કરે છે તેનાથી વિદ્યા પ્રાપ્ત થાય છે, તેથી આત્મદર્શી ગુરૂની સમીપ રહેવું. એટલે જે કહ્યું છે કે ગુરૂ બિના જ્ઞાન ન ઉપજે. ગુરૂ બિન મિટેના ભેદ. ગુરૂ વિના જ્ઞાન શક્ય નથી એવું હજારો વર્ષ પહેલાં કહેવાયુ છે અને આ વાત પણ એટલી સાચી છે. શક્ય ન હોય તો ગુરૂપૂર્ણિમાનાં દિવસે દૂરભાષ્યથી પણ આશીર્વાદ મેળવવા.

જેના મુખમાં ગુરૂમંત્ર છે તેમના તમામ કાર્યો સિદ્ધ થાય છે. ગુરૂત્વ નાશ પામતું નથી. અનાદિ, અનંત, શાશ્વત, સ્થિર અને અચલ છે. ગુરૂદર્શનથી પાપ, તાપ, સંતાપ દૂર થાય છે. પરમશાંતિ મળે છે. ગુરૂ આપણા દુર્ગુણોનો નાશ કરી સદ્ગુણો આપી વ્યક્તિત્વ ઘડે છે. જીવનભર રાહ દેખાડે છે.

સનાતન ધર્મમાં ગુરૂશિષ્યની આગવી પરંપરા છે. ઇશ્વર આપણાથી નારાજ થાય ત્યારે ગુરૂ બચાવી લે છે અને ગુરૂ નારાજ થાય તો ઇશ્વર પણ બચાવી શકતા નથી. રામ, કૃષ્ણ, કબીર, એકલવ્ય, દ્રોણાચાર્ય ગુરૂ-શિષ્યનાં સંબંધો સમજાવે છે. આપણે સૌ હળી મળી ભાવનાની ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ ઉજવીએ અને આશીર્વાદ મેળવીએ.

ગુરૂપૂર્ણિમાનો દિવસ ગુરૂ સ્મરણ અને પૂજન દ્વારા સંતરૂપી તીર્થોમાં આપણા દુર્ગુણો, વ્યસનો, વિકૃતિઓ, અહંકારો ધોઇને પરમતત્ત્વની વંદના કરવાની છે. ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ સ્થૂળ ભાવિ નહિ પરંતુ સૂક્ષ્મભાવથી ઉજવીએ ગુરૂપ્રત્યે હૃદયનો ભાવ, શ્રદ્ધા, વિશ્વાસ ગુરૂચરણમાં સમર્પિત કરીએ તે મહત્ત્વનું છે. સાથે સાથે લોભ, ત્યાગ, પ્રતિષ્ઠા, સત્તા વગેરે ત્યાગી શુભનિષ્ઠા જરૂરી છે.

આધ્યાત્મિક પરંપરામાં ગુરૂપૂર્ણિમાનું વિશિષ્ટ સ્થાન છે. ગુરૂપૂર્ણિમા સમર્પણનો પર્વ અને આધ્યાત્મિક મહોત્સવ છે. ગુરૂ આપણને પકડે છે પણ જકડતા નથી. ગુરૂ શિષ્યનો સંબંધ પૈડા અને તેની ધરી સમાન છે. શિષ્યે આ બંધન સ્વીકારવાનું છે. વ્યાસજીએ માનવ દેહનું મહત્ત્વ અને જીવન જીવવાનો સાચો માર્ગ સમજાવ્યો છે. ઋષિઓને સાચા સદ્ગુરૂ મળી ગયા તેથી આ દિવસ વ્યાસપૂર્ણિમા તરીકે પણ ઓળખાય છે. પ્રભુ સ્થાન કરતા ગુરૂસ્થાન આગળ પડતું છે. પ્રભુદાન છે ગુરૂ દાતા છે. દાતા ના હોય તો દાન ક્યાંથી મળે?

મહર્ષિ વેદવ્યાસે ચાર વેદ અને તેની જુદી જુદી શાખા બ્રહ્મસૂત્રો મહાભારત, પુરાણો આદિ ગ્રંથોમાં સર્જન સંપાદન કર્યું. આજે સૌ પોતપોતાના ગુરૂમંત્રોનું પારાયણ કરે છે. અને તેથી કવિ-ભજનીકોએ ગુરૂ માટે ભજન, દોહો, છંદ વિગેરે દ્વારા આપણને ગુરૂનું મહાત્મય સમજાવેલ છે. ગુરૂ શબ્દનો અર્થ માયારૂપી અજ્ઞાન અને અંધકારમાંથી, જ્ઞાનરૂપી દિવ્યપ્રકાશમાં લઇ જવાનો છે.



ગુરૂશિષ્યનો સંબંધ એટલે બ્રહ્મ અને જીવનો સંબંધ શ્રેષ્ઠ ગણાય છે.

ગુરૂ ધારણ કરતા પહેલા સો વખત વિચારવું પરંતુ ગુરૂ માન્યા એટલે તે ગુરૂ પર ન્યૌચ્છાવર થઇ જવું જેમ અનાજ, તેલ, ઘી, શાકભાજી, સિધુ સામાન વિગેરે ખરીદી વસ્તુ તપાસીને લઇ છીએ એમ ગુરૂ ધારણ કરતા પહેલા સમજી-વિચારી ગુરૂનાં ગુણદોષ જોઇ સ્વીકારવા જોઇએ. તેથી સંતગુરૂને કહ્યું છે કે "ગુરૂ કો માને માનવી દેખે દેહ વ્યવહાર બડે, પ્રિતમ નર કે પડે સંશય નહિ લગાન" ગુરૂ ધારણ કરવા માટે કોઇ વિધિ-વિધાનની જરૂર નથી, પરંતુ જેમની પાસેથી લક્ષ્ય પ્રાપ્ત કરીને તે ગુરૂ.

ગુરૂની સેવાને પૂજા અને મહાનતા આપવી જોઇએ. ગુરૂ-શિષ્યને રસ્તો બતાડે અને અંધકાર દૂર કરી હૃદયમાં જ્ઞાનરૂપી પ્રકાશ પાથરે અને શિષ્યને પોતાના જેવો બનાવી દે ને શિષ્યનું કલ્યાણ કરે છે.

આજકાલ ઘણોખરો સમાજ ગુરૂ પાસે ભૌતિક સુખ મેળવવા દોડે છે, પરંતુ ભૌતિક સુખો તો કર્મે કરી ભાગ્યમાં મળે છે. કોઇ વ્યક્તિ આપી શકે નહી પરંતુ સાધુ-સંતો અને ગુરૂનો ત્યાગ કરી આધ્યાત્મિક માર્ગે લઇ જાય છે.

જ્ઞાતિવાદ અને નાત-જાતના ભેદભાવ ગુરૂ પાસે ન હોવા જોઇએ. "પુણ્ય, પૂજા બિન મિલે કિન સંતો ભાગ્ય બડે જ્હાં સંત પધારે યે સંતને હે ઉપકારી ચરણ ધોઇ ચરણામૃત લિજ્યે સાહબ કા ઘર સંતન માહિ" આપણે સૌએ શિષ્ય બનવાનું છે. ગુરૂ બનવાનું નથી ગુરૂ બનવાનું બધાને ગમે છે. શિષ્ય બનવું તે સમર્પણ અને સર્વસ્વ ઓગળી જાય અને શૂન્યતાથી શરૂઆત થાય.

પૈસા જીવનનું સાધન છે. જીવનનો ઉદ્દેશ પૈસા નથી, પૈસાથી જીવનમાં ભોજન, બંગલો, સુખસાધનો, દવા, કલમ, પુસ્તક, મુર્તિ ખરીદી શકાય છે. પરંતુ પ્રેમ, લાગણી, વિશ્વાસ, ઊંઘ, તંદુરસ્તી, વિચાર, વફાદારી, ભૂખ, જ્ઞાન, શાંતિ, ઇશ્વર, ગુરૂ કે માબાપ ખરીદી શકાતા નથી. ગુરૂ સામે કપટ કરીએ નહિ ગુરૂ નારાજ થાય તો ભગવાન બચાવી શકશે નહીં ગુરૂ - શિષ્ય માટે ચેતના છે. સનાતન ધર્મમાં ગુરૂ-શિષ્યની પરંપરા છે. આજે ગુરૂપૂર્ણિમા છે. આપણે સૌ હૃદયથી આપણા ગુરૂનું પૂજન કરીએ ઉત્સવ ઉજવીએ અને આશીર્વાદ મેળવીએ.

અમને આ બધુ પ્રાપ્ત થાઓ ગુરૂપૂર્ણિમાનાં આ પ્રસંગે આપના ચરણોમાં વંદન આપની કૃપા અને આશીર્વાદ પ્રેરણા મળતા રહે તેવી પ્રાર્થના.